## શાસ્ત્રીયનૃત્ય - ઓડીસી

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારંપરિક 'માર્ગમ' આધારિત નૃત્ય કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયકની મદદ લઈ શકાશે. પણ જો આપ લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક અને ૪ સહાયકની મદદ લઈ શકાશે. આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. વાધ્યો તરીકે મૃદંગ, હાર્મોનિયમ/વાયોલિન, વાંસળી, તાલમ્ જેવા કૃતિ અનુરુપ પરંપરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેનડ્રાઇવ કે સીડી, ત્યાં હાજર સાઉન્ડ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટરની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેનડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ વસ્તુ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા સાઉન્ડ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપનું પરફોર્મન્સ પૂરું ન થાય ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. પરફોર્મન્સ બાદ આપની પેનડ્રાઇવ કે સીડી આપે જ મેળવી લેવાની રહેશે.
- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- નોંધણી સમયે અરજી સાથે એક નોંધની નકલમાં નૃત્યનું વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વગેરેની સંક્ષિપ્તમાં આપવાની રહેશે અને નોંધની ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં સ્ટેજ-માઇક અને વાજિંત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાજિંત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, વેશભૂષા, ભાવ, અભિનય કે અભિવ્યક્તિ, નૃત્યસંરચના, સમય મર્યાદા તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી પણ શકાશે નહીં.